કુદરતી આફત અમ્ફાન વાવાઝોડુ

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની આફતમાંથી ભારત દેશ હજુ તો બહાર નીકળ્યો નથી ત્યાં બીજી એક મોટી આફત ભારત તરફ ખુબ ઝડપથી આવી રહી છે. હવામાન વિભાગના



જણાવ્યા મુજબ બંગાળની ખાડીમાં ઉદભવેલુ અમ્ફાન નામનુ વાવાઝોડુ આજે ભારતના ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકિનારે ત્રાટકવાની શક્યતા છે. ત્યારબાદ આ વાવાઝોડુ બાંગ્લાદેશ તરફ ફંટાશે. લો પ્રેશરથી શરૂ થયેલુ વાવાઝોડુ ધીરેધીરે સુપર સાયક્લોનમા પરિવર્તિત થઈ ગયું છે જેથી વાવાઝોડા પ્રભાવિત ક્ષેત્રમા પવનની ઝડપ પ્રતિ કલાક ૨૦૦ કિમી થી વધુ હોવાની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા અતિ ઝડપી પવનની સાથે ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. ઘટનાની ગંભીરતા ને લઈને સાવચેતી ના ભાગરૂપે પ્રધાનમંત્રીએ ઈમરજન્સી બેઠક બોલાવી રાજ્ય સરકાર સાથે મળીને આ પ્રભાવિત વિસ્તારોને રેડ એલર્ટ જાહેર કરીને એન.ડી.આર.એફ. ની કેટલીક ટીમોને મદદ અને બચાવની કામગીરી માટે મોકલી દીધી છે તથા બીજી કેટલીક ટીમો ને સ્ટેંડબાય રાખી છે.

પ્રસંગસર
જિગર બારોટ

વાવાઝોડા ના નામકરણ પાછળનો ઈતિહાસ

ઘણી વખત સમુદ્રમા ઉદભવેલુ વાવાઝોડુ એક કરતા વધુ દેશોમાંથી પસાર થતું હોય છે તેથી જે તે દેશ આ વાવાઝોડાને પોતાની રીતે સહેલાઈથી યાદ રહે અને બોલી શકાય એવી રીતે નામ આપતા હતા. જેના કારણે ઘણીવાર આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે કન્ફ્યુઝન પેદા થતુ હતુ. જેથી વર્લ્ડ મેટેરિઓલોજિકલ ઓર્ગેનાઈઝેશને (WMO) અરબી સમુદ્ર અને બંગાળ ની ખાડી આસપાસના બંગ્લાદેશ, ભારત, માલદિવ્સ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રિલંકા અને થાઈલેન્ડ એમ ૮ દેશોને સાથે રાખીને એક ગ્રુપ બનાવી સમજૂતી કરી. જેમાં કર્માનુસાર દરેક દેશે ટ્રોપિકલ વાવાઝોડાના ૮-૮ એમ કુલ ૬૪ નામ સૂચવ્યા હતા. આ નામ નો સમયગાળો વર્ષ ૨૦૦૪ થી ૨૦૨૦ સુધીનો હતો. ત્યારબાદ ઈરાન, કતાર, સાઉદી અરેબિયા, યુ.એ.ઈ. અને યેમાન એમ વધુ ૫ દેશો જોડાઈ આ ગ્રુપમા હાલ કુલ દેશો નો આંકડો ૧૩ થઈ ગયો છે. આ ૧૩ દેશોએ હવે પછી આવનારા વાવાઝોડાના ૧૩ - ૧૩ એમ કુલ ૧૬૯ નામ સુચવ્યા છે.

અમ્ફાન વાવાઝોડુ થાઈલેન્ડ દ્વારા સૂચવવામા આવેલું છેલ્લુ તથા ૬૪ મુ નામ છે.

ભારતનું સૂચવેલુ છેલ્લુ નામ વાયુ વાવાઝોડુ હતું. ભારત તરફથી સુચવેલા નવા નામોમા ગતિ, તેજ, મુરાસુ, આગ, વ્યોમ, ઝાર, પ્રોબાહો, નીર, પ્રભંજન, ઘુર્ની, અમ્બુડ, જલધિ અને વેગા નો સમવેશ થાય છે.

ઉત્તર પશ્ચિમ પ્રશાંત મહાસાગરમા સૌથી વધુ અને દક્ષિણ એટલાન્ટિક સાગરમા સૌથી ઓછા કે નહીવત વાવાઝોડા ઉદભવે છે.

વિશ્વના મોટા વાવાઝોડા
ઓસ્ટ્રેલિયાન - વિલ-વિલ
ચીન અને જાપાન - ટાયફુન
યુ.એસ.એ. - ટોર્નેડો
મેક્સિકો, ફ્લોરિડા અને વેસ્ટ ઈન્ડીઝ - હરિકેન

વાવાઝોડાની કેટેગરી

પવનની ગતિ	વાવાઝોડાની કેટેગરી
૩૧–૫૦ કિમી/કલાક	ડિપ્રેશન
૫૧– ૬૨ કિમી/કલાક	ડિપડિપ્રેશન
૬૩–૮૮ કિમી/કલાક	સાયક્લોનિક વાવાઝોડુ
૮૯–૧૧૭ કિમી/કલાક	સિવિયર સાયક્લોનિક વાવાઝોડુ
૧૧૮–૧૬૫ કિમી/કલાક	વેરી સિવિયર સાયક્લોનિક વાવાઝોડુ
૧૬૬–૨૨૦ કિમી/કલાક	એક્સ્ટ્રિમલી સિવિયર સાયક્લોનિક વાવાઝોડુ
૨૨૧ કિમી/કલાક થી વધુ	સુપર સાયક્લોનિક વાવાઝોડુ

વાવાઝોડુ કેવી રીતે બને છે?

સૂર્યની ગરમીથી સમુદ્રની સપાટી ગરમ થાય છે. તેથી કોઈ એક જગ્યાએ રહેલી હવા અને પાણીમાંથી બનેલી બાષ્પ ઉપરની તરફ જાય છે અને તે જગ્યાએ લો પ્રેશર બને છે. પ્રેશર ડિફરન્સ ના નિયમ મુજબ આજુબાજુના હાઈ પ્રેશરમાથી હવા લો પ્રેશર તરફ ગતિ કરે છે. વધુમાં પૃથ્વી પોતાની ધરી ઉપર ગોળ ફરે છે જેથી હાઈ પ્રેશરથી લો પ્રેશર તરફ જતી હવા સ્પાઈરલ રીતે ગતિ કરે છે આમ આ ચક્ર ચાલ્યા કરે છે અને ધીરે ધીરે વાવાઝોડામા પરિવર્તિત થાય છે.

ધોરણ-૪માં અભ્યાસ કરતી જુગ્નુ વિજયન્ત પરમાર, ઉ.વ.૧૦ની કે જેઓએ પેન્સિલ સેડીંગથી કોરોના ભગાવો વિષય ઉપર સુંદર ચિત્ર બનાવ્યું છે.

સ્વર્ણિમ યુનિવર્સિટી દ્વારા ગુજરાત ટુ ગ્લોબલ ઈનિસીએટીવ અંતર્ગત

‘ફિફટી શેડ્સ ઓફ સ્ટાર્ટિંગ અપ કાર્યક્રમ’

ગાંધીનગર, તા. ૧૯

અત્યારે વિશ્વના મોટા ભાગના દેશોમાં કોરોના વાયરસ ને લીધે લાગુ કાર્યકરેલા લોકડાઉન ને લીધે આર્થિક ગતિવિધિઓ માં ખાસ કરી ને મેન્યુફેક્ચરિંગ, ટુરિઝમ, મોલ, સિનેમા, એક્સપોર્ટ્સ ક્ષેત્રો માં છેલ્લા ૨ મહિનાઓ થી આર્થિક ગતિવિધિ સ્થગિત થઇ ગયી છે.

કોવીડ-૧૯ પછી સ્ટાર્ટઅપ્સ ક્ષેત્રમાં રહેલા વૈશ્વિક તકો અને પડકારો અંગે ખાસ એક્સપર્ટ્સ જોડે સંવાદ નો આયોજન કરેલ હતું. લોકલ સ્ટાર્ટઅપ ને ગ્લોબલ



પ્લેટફોર્મ પર સફળ બનાવવા અંગે ખાસ આ ઈવેન્ટ નું આયોજન સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા કર્યું હતું. ૩૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આ ઈવેન્ટ માં ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા જેઓ યુનિવર્સિટી માં હાલ માં સ્ટડી કરી રહેલ છે અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેઓ ભારત દેશ ઉપરાંત અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા થી જોડયા હતા.

ઈવેન્ટ ની શરૂઆત સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર ના પ્રોવોસ્ટ ડો. કાર્તિક જૈન દ્વારા કરવામાં આવી હતી. તેઓ એ જણાવ્યું હતું કે,કોરોના મહામારી ના આર્થિક કટોકટી ના આ સમય માં સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન એ એક આશાનું કિરણ છે જેના થી દુનિયાના દેશો પોતાની આર્થિક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરી શકશે. ડો. કાર્તિક જૈને, સ્વર્ણિમ યુનિવર્સિટી માં વિદ્યાર્થીઓ માટે ઓર્ગેનાઈઝ કરેલ સ્ટાર્ટઅપ્સ ની વિવિધ પ્રવૃતિઓ, ઓનલાઈન એકેડેમિક સેશન વિષે વિસ્તૃત માં માહિતી આપી હતી.

પેનલ મેમ્બર્સ માં શ્રી ગસ બર્થોલોમ્યુ, કો-ફાઉન્ડર અને સીઈઓ, સપ્લાયકોમ્પાસ, શ્રી સીરીશા જજાલા, ફાઉન્ડિંગ પાર્ટનર, પીચ વેન્ચર્સ, શ્રી હર્ષા અલ્લમરાજુ, સીટીઓ, ઝોપા એઆઈ, ડો.પરમ શાહ, ડિરેક્ટર - યુનાઈટેડ કિંગડમ, ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી - યુકે) ઉપસ્થિત રહ્યા હતા. ઈવેન્ટ ના મુખ્ય મૉડરેટર તરીકે ડો. પરમ શાહે સંચાલન કર્યું હતું.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઘોષિત કરેલા ‘આત્મનિર્ભર અભિયાન’ ને ધ્યાન માં રાખીને ‘સ્થાનિક માટે વોકલ’ના ફાયદાઓ વિશે ચર્ચા અને માહિતી નું આદાનપ્રદાન કરવાનો આ સેશન નો મુખ્ય મુદ્દો હતો.

સીરીશા જજાલા એ જણાવ્યું હતું કે, ફાઈનાન્સ, ટેલિકોમ, એનર્જી, ટ્રાન્સપોર્ટેશન, મીડિયા, ક્ષેત્રોમાં કોવીડ - ૧૯ ને લીધે ઘણું આર્થિક નુકશાન થયું છે.તેઓએ પીચ વેન્ચર્સ વિશે વાત કરી હતી જે મુખ્યત્વે ટેક-આધારિત સ્ટાર્ટઅપ્સને ભંડોળ આપે છે અને તેઓના વિકાસ માટે વ્યૂહરચના બનાવવામાં તેમને મદદ કરે છે.રોકાણકારોના દૃષ્ટિકોણ રૂપે વધુ નફો કરી શકે તેવા ઉત્પાદનને શરૂ કરવા માટે આ એક ઉત્તમ સમય છે.

કોવિડ -૧૯ સંબંધિત પડકાર માટેના ઉકેલો ના સ્ટાર્ટઅપ્સ જેમ કે ટ્રેકિંગ, મોનિટરિંગ અને ટેસ્ટિંગ ફિલ્ડ માં શ્રેષ્ઠ તકો રહેલી છે. રોકાણકારો હજી પણ આવી કંપનીઓમાં રોકાણ કરી રહ્યા છે કારણ કે તેઓ તુલનાત્મક રીતે વધુ નફો કરે તેવી સંભાવના છે. ઉદ્યોગમાં મુખ્ય ધ્યાન વૈશ્વિક પ્લાનિંગ અને તાતી જરૂરિયાત તરીકે કાર્યક્ષમ અને સ્થિતિસ્થાપક પુરવઠા ચેઈન મેનેજમેન્ટ પર રહેશે.

વિદ્યાર્થીઓ લોકડાઉનમાં નિયમિત યોગ દ્વારા રોગ પ્રતિરોધક શક્તિ વધારી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૯

ગૂજરાત વિધાપીઠના સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ લોક ડાઉનમાં પરિવાર અને અન્ય લોકોને નિયમિત યોગ તાલીમ દ્વારા રોગ પ્રતિરોધક શક્તિ વધારી રહ્યા છે અને ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા વિશ્વ યોગ દિવસ પર તૈયાર કરેલી યોગ સાહિત્ય પ્રોટોકોલની યોગ પુસ્તિકાને પણ સોશલ મીડિયાના માધ્યમથી વિશેષમાં સ્વયમ સેવક શ્રી દેવાશીષ મોહંતી, કરણ રાઠોડ, હસ્તી વેગડ, જીનાલી મોતા, નીતા પરમાર, ગૌરવ બાલ્યાન, જસ્મીન ઠાકોર અને કીર્તિ ચૌધરી લોકો સુધી પહુચાવી લોકોને યોગ વિષે સમજાવી રહ્યા છે અને વિશેષમાં જણાવવામાં આવે છે કે આ ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગમાં સંપૂર્ણ ગૂજરાતની શ્રેષ્ઠ શારીરિક શિક્ષણ સંસ્થા તરીકે શારીરિક શિક્ષણ અને યોગ વિષયના વિવિધ અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહ્યા છે અને આ સંસ્થાના શારીરિક શિક્ષણ અને યોગમાં તૈયાર કરેલા વિધાર્થીઓની આખા ગુજરાતમાં વિવિધ સ્કૂલો અને સંસ્થાઓમાં ખુબજ માંગણી રહે છે.

વિવિધ મોટી એજ્યુકેશન કંપની દરેક વર્ષે સાદરા આવી આ

યોગ અને શારીરિક શિક્ષણના પ્રોફેશનલસ માટે કેમ્પસ ઈન્ટરવ્યુંનો આયોજન કરી તેમને સારી સેલરી સાથે મોટી અને સારી રેપ્યુટેશન વાળી સંસ્થાઓમાં નોકરી આપવાનું કાર્ય કરી રહી છે અને આ લોક ડાઉનના ગાળામાં પણ આ સંસ્થાના વિધાર્થીઓ તેમની જવાબદારી બખૂબી શાનદાર તરીકે નિભાવી રહ્યા છે તેમના ડીનશ્રી ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ પણ સંપૂર્ણ ગુજરાતમાં યોગ વિષયના નિષ્ણાત તરીકે ગણવામાં આવે છે અને સંપૂર્ણ ગુજરાતમાં યોગ ક્ષેત્રે વિવિધ પ્રકારની સેવાઓ આપી રહ્યા છે.

લોકડાઉનનો સદુપયોગ કરીને રેડિયન્ટ સ્કૂલમાં અભ્યાસ કરતી સેકટર-૪એની રહેવાસી વંશી નિમિત્ત શુક્લ દ્વારા ચિત્રકામ કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં વર્ચ્યુલ બાળશિબિર યોજાઈ

એક્ચ્યુઅલ આંસુ વહ્યાં નર્મદા નદીમાં...

આજની પોઝીટીવ સ્ટોરી
સંજય તન્ના

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ૧૬-૧૭ મે, ૨૦૨૦ના રોજ ટેકનોલોજીની મદદથી ૨૪મી આત્મન બાળ શિબિર યોજાઈ. ટેકનોલોજીની મદદથી થતા સેમિનારને જો વેબિનાર કહેવાય તો આને આપણે વિબિર કહી શકીએ. જાણીતાં કવયિત્રી-સાહિત્યકાર-પ્રવાસિની-સમાજસેવિકા પ્રજ્ઞાબહેન પટેલ, કે જેઓ આત્મન ફાઉન્ડેશનનાં સ્થાપક છે, તેઓ દર વર્ષે નિયમિત પ્રકૃતિ મંડળમાં ત્રણ દિવસની આત્મન બાળ શિબિરનું આયોજન કરે છે, પણ અત્યારે તેઓ નર્મદા મૈયાની પરિક્રમા કરી રહ્યાં છે.

તેઓ જ્યારે ઓનલાઈન શિબિરાર્થીઓ સાથે જોડાયાં ત્યારે એટલાં ભાવુક થયાં કે તેમની આંખમાંથી આંસુ ધારા વહેવા લાગી. એ આંસુથી તેમણે જ્યારે નર્મદા મૈયામાં અભિષેક કર્યો હશે ત્યારે મૈયાએ ત્યાં વહેતાં વહેતાં

શિબિરમાં જોડાયેલાં તમામ બાળકોને આશીર્વાદ આપ્યા જ હશે...

●●●

૧૬મી મે, ૨૦૨૦ના રોજ પોણા પાંચે બધાં બાળકો તનથી પોતપોતાના ઘરે કોમ્પ્યુટર-લેપટોપ-મોબાઈલ ફોન કે અન્ય ડિવાઈસ સામે હાજર હતાં, પણ મનથી તો પ્રકૃતિ મંડળના ઉદ્યાનમાં જ હાજર હતાં. બરાબર પાંચ વાગ્યે બધાં બાળકો હાથમાં દીપજ્યોત લઈને હાજર થયાં.

એકસાથે ૭૧ બાળકો જ્યારે દીવો લઈને ઉપસ્થિત હતાં ત્યારે રળિયામણું દૃશ્ય સર્જાયું. એ પછી એ દીપજ્યોત પૂજાના આરિયામાં, પાણિયારે, ઘરના ઊંબરે કે તુલસીના ક્યારે બાળકોએ મૂક્યો.

આ રીતે બાળશિબિરનો પ્રારંભ.

શિબિરના પ્રથમ દિવસે ડો.પૌલોમી પરમારે કોરોના વિશે જાગૃતિ આવે તેવી વાતો સરળ રીતે કરી. એ પછી એચ.ડી. વરિયા સાહેબે વારતા રે વારતા કરી. તેમની વાર્તામાં બાળકો ખોવાયાં. એ પછી હમ હોંગે કામિયાબ.. એ ગીત પર બાળકોને નૃત્ય શીખવવામાં આવ્યું.

પ્રથમ દિવસનું વાત્સલ્ય અને મમતા સાથે સંચાલન કર્યું મમતાબહેન રાવલે.

બાળકો તો રાજી જ રાજી...

●●●

બીજા દિવસે રેખાબહેન ભટ્ટ એક હતો રાજા.. વાર્તાને લઈને આવ્યાં. રેખાબહેન બાળકોને ખૂબ ચાહે છે. વાર્તા કહેવામાં તેમની હથોટી છે. ફેસબુક પર સતત વાર્તાઓ કહી રહ્યાં છે. તેમણે બાળકોની વાર્તાક્ષુધાને તૃપ્ત કરી. ખ્યાતિ દેસાઈએ, જો મમ્મી હું બનાવું.. વિષય હેઠળ બાળકોને અવનવી વસ્તુઓ બનાવતાં શીખવ્યું. એ પછી મેદાનમાં, સોરી પરદા પર આવ્યા ડો. અનિલ પટેલ. તેમણે ૨૫ મિનિટ સુધી બાળકોને જુદા જુદા જાદુના પ્રયોગો બતાવીને સમજાવ્યું કે અંધશ્રદ્ધા વધારતા પ્રયોગો ખરેખર કેવી રીતે કરવામાં આવતા હોય છે.

જો ભારતમાંથી ધર્માંધતા ઘટે તો સાચા ધર્મનો શીતળ અનુભવ બધા કરી શકે.

જો અંધશ્રદ્ધા ઘટે તો સાચી શ્રદ્ધા પોતાના ચમત્કાર બતાવી શકે.

બાળપણથી જ બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તેવું વાતાવરણ આપવું જ જોઈએ.

આ શિબિરમાં ૧૧૫ બાળકોએ નોંધણી કરાવી હતી, ૯૨ બાળકોએ તેમાં ભાગ લીધો.

આ શિબિર માટે દરેક બાળકે વિડિયો ક્લિપ મોકલી હતી.

તે બધાના આધારે આયોજકોએ ૩.૩૦ મિનિટનો સુંદર વીડિયા માત્ર ૨૪ કલાકમાં બનાવીને તમામ શિબિરાર્થીઓને અપર્ણ કર્યો. દરેકને ઈ-પ્રમાણપત્ર પણ અપાવાનું છે.

મુરબ્બી સી.એલ. મહેતાએ ભરેલા હૃદયે પોતાના ખભા પર શિબિરનો ભાર ઉપાડ્યો. તેમના દીકરા ધૈવત મહેતાએ ટેકનિકલ સહયોગ કર્યો (આ શિબિરમાં તે જ મુખ્ય હતો..) સંસ્થાના મંત્રી સંજય થોરાટે કાર્યક્રમનું સુંદર અને સફળ સંકલન કર્યું.

આત્મન ફાઉન્ડેશનનાં સ્થાપક પ્રજ્ઞાબહેન પટેલ ગયા ફેબ્રુઆરીથી નર્મદા મૈયાની પરિક્રમા કરી રહ્યાં છે. તેઓ પોતાના પિતાની સ્મૃતિમાં આત્મન ફાઉન્ડેશન નામની સંસ્થા ચલાવે છે અને ઝૂંપટપટ્ટીનાં બાળકો માટે કાર્યો કરે છે. સમાજસેવા તેમનો સ્વ-ભાવ છે. તેઓ અગરિયાઓની વહારે ધાય અને દૂરદરાજ આરોગ્યના વિવિધ શિબિરોમાં પણ દોડી જાય. હિમાલય ખૂંદી વળ્યાં છે. એવરેસ્ટને અડી-અડીને પાછાં આવે છે. યાત્રાળુ અને પ્રવાસિની છે. ઉત્તમ અને સંવેદનશીલ સર્જક છે. તેમણે સતત ૨૪ વર્ષ બાળ શિબિરો યોજીને સેંકડો બાળકોનું ઘડતર કર્યું છે.

આ તબક્કે એટલું તો કહેવું જ જોઈએ કે ગાંધીનગર કલ્ચરલ ફોરમના સાંસ્કૃતિક-સાહિત્યિક કાર્યક્રમો, સાહિત્ય સભાની પ્રવૃત્તિઓ અને આત્મન ફાઉન્ડેશનની બાળ શિબિરોએ ગાંધીનગર શહેરને એક ઉજળી અને સૂરીલી ઓળખ આપી છે.

જન્મદિને વધામણી

મહેશકુમાર કેશવલાલ સુખડીયા
મો. ૯૯૦૯૯ ૫૫૬૬૦

ધૃમિન રાજેશ પટેલ
મો. ૯૯૯૮૪ ૦૦૯૫૦

શાનિ શિતાબુદ્દીન કાદરી

શિવાય રાકેશકુમાર વાળંદ

જીહાન મેહુલકુમાર મણિયાર

નરેશકુમાર કે ખાચર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

શ્રીમતી કિષ્નાબા જાડેજા-વાઘેલા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

તરુણકુમાર શુક્લા
રિયાર્ડ સ્ટેટ બેંક ઓફિસર
મો. ૯૮૨૪૦ ૫૭૪૧૦

નીતા મનિષકુમાર દલાલ

ક્રિષ્ના રૂપાલા
મો. ૯૮૨૪૫ ૨૯૪૧૦